# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-04-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વક્ફ સુધારા અધિનિયમ

વક્ફ સુધારા અધિનિયમ 2025ને પડકારતી અરજીઓની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે કોઈ વચગાળાનો આદેશ આપ્યો નથી. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત દ્વારા ઉઠાવવામાં આવેલા ત્રણ મુદ્દાઓ પર પોતાની દલીલો તૈયાર કરવા માટે વધુ સમય માંગ્યો હતો. હવે સર્વોચ્ચ અદાલત આજે આ કેસની સુનાવણી કરશે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમાર અને કે. ન્યાયાધીશ વી. વિશ્વનાથનની ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને પૂછ્યું કે, ઘણા લોકો પાસે આવા વકફની નોંધણી કરાવવા માટે જરૂરી દસ્તાવેજો ન હોય તો પણ, વપરાશકર્તા દ્વારા વકફને કેવી રીતે નકારી શકાય છે.

ખંડપીઠે ત્રણ મુખ્ય મુદ્દાઓ ઉઠાવ્યા. અદાલતે કહ્યું કે જ્યાં સુધી કાયદાની સુનાવણી ન થાય ત્યાં સુધી, કોઈ પણ પ્રકારે વક્ફ તરીકે જાહેર કરાયેલી મિલકતોને રદ ન કરવી જોઈએ..

**-------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી મોદી-ફિનલેન્ડ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે ટેલિફોન પર વાતચીત કરી. બંને નેતાઓએ યુક્રેનની પરિસ્થિતિ સહિત પરસ્પર પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ડિજિટલાઇઝેશન, ટકાઉપણું અને ગતિશીલતાના ક્ષેત્રો સહિત બંને દેશો વચ્ચે ચાલી રહેલા સહયોગની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

**-------------------------------------------------------------------------------------**

# દેશની નિકાસમા વધારો

દેશની નિકાસમાં વર્ષ 2024-25 દરમિયાન 5.5 ટકાનો વધારો થયો છે. વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા હોવા છતાં, ભારતની કુલ માલ અને સેવાઓની નિકાસ 820.93 અબજ ડોલરના વિક્રમી સ્તરે પહોંચી છે, જે પાછલા નાણાકીય વર્ષમાં 778.13 અબજ ડોલર હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બહાર પાડેલા સંકલિત આંકડા મુજબ, દેશની કુલ નિકાસ 820.93 અબજ ડોલર જ્યારે કુલ આયાત 915.19 અબજ ડોલર હોવાનો અંદાજ છે. એક માહિતી અનુસાર, આ વર્ષે માર્ચમાં ભારતની વેપાર ખાધ વધીને 21.54 અબજ ડોલર થઈ છે..

-------------------------------------------------------------------------------

# મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ આગામી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે બી.આર. ગવઈના નામની ભલામણ કરી છે. ન્યાયમૂર્તિ ગવઈ સર્વોચ્ચ અદાલતનાં બીજા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ છે અને તેમના નામની ભલામણ કેન્દ્રીય કાયદા મંત્રાલયને કરવામાં આવી છે. વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાનો કાર્યકાળ 13 મેના રોજ પૂર્ણ થશે..

-------------------------------------------------------------------------------

# મનસુખ માંડવિયા

શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ દેશમાં કૌશલ્ય તાલીમ મંચ સ્થાપવા માટે હાંકલ કરી હતી. જેનાથી વિશ્વની કુશળ માનવશક્તિની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે. ડૉ. માંડવિયાએ ગઇકાલે નવી દિલ્હીમાં ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર સંમેલન 2025 ને સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ભારત આ કોરિડોરને કુશળ માનવશક્તિ પૂરી પાડીને તેના યુવા વસ્તી વિષયક લાભાંશનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

-------------------------------------------------------------------------------

## આઇપીએલ-2025

**ગઈકાલે રાત્રે IPL T20 ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને રોમાંચક સુપર ઓવરમાં હરાવ્યું. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં બંને ટીમોના સ્કોર સમાન રહ્યા બાદ મેચનો નિર્ણય સુપર ઓવરમાં લેવામાં આવ્યો. આ IPL 2025ની પહેલી મેચ હતી જેનો નિર્ણય સુપર ઓવર દ્વારા લેવામાં આવ્યો હતો. દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત વીસ ઓવરમાં 5 વિકેટે 188 રન બનાવ્યા. રાજસ્થાન રોયલ્સે પણ 20 ઓવરમાં 4 વિકેટે 188 રન બનાવ્યા.સુપર ઓવરમાં રાજસ્થાન રોયલ્સે ફક્ત ૧૧ રન બનાવ્યા. દિલ્હી કેપિટલ્સે બે બોલ બાકી રહેતા વિજયનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો. આજે IPLમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઇન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ટકરાશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.**

**-----------------------------------------------------------------------------------------**

## મરીન ફિશરીઝ સેન્સ ડેટા સંગ્રહ

કચ્છના કાંઠાળ વિસ્તાર સહિત આ વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં મરીન ફિશરીઝ સેન્સસ તરીકે એક વ્યાપક ડેટા સંગ્રહ પહેલ યોજાશે, જેમાં ગુજરાત ભારતના દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ 12 લાખ માછીમાર પરિવારને આવરી લેવામાં આવશે. દેશની આ પાંચમી દરિયાઇ મત્સ્યોદ્યોગ ગણતરીમાં કચ્છ સહિત ગુજરાતના 15 દરિયાકાંઠાના જિલ્લાઓને આવરી લેવાશે.  આ કવાયત માટે સમગ્ર રાજ્યમાં ફિશરીઝ સર્વે ઓફ ઇન્ડિયા અને ફિશરીઝ વિભાગ, દમણ અને દીવએ સહયોગ આપ્યો છે. દરિયાઇ માછીમારી પરિવારોની સમાજિક-આર્થિક પરિસ્થિતિઓનું દસ્તાવેજીકરણ કરતી અને દરિયાકાંઠાનો માછીમારી માળખાંનો નકશો બનાવતી અગાઉની એમએફસી-2016 મુજબ, રાજ્યમાં 107 મરીન ફિશ લેન્ડિંગ સેન્ટરમાં 67 હજાર 610 મરીન માછીમાર પરિવાર અને 3લાખ 54 હજાર 992 માછીમારની વસતી ઓળખવામાં આવી હતી. આ ડેટાનું પુન: સર્વેક્ષણ અને પુન: માન્યીકરણમાં કરવામાં આવશે.

**-----------------------------------------------------------------------------------------**

## હવામાન

કચ્છમાં ચૈત્ર માસમાં ગરમીથી જનજીવન પ્રભાવિત થયું છે હજુ બે દિવસ કચ્છમાં અંગ દઝાડતો તાપ યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. અંજાર-ગાંધીધામમાં એપ્રિલ માસમાં ચોથીવાર મહત્તમ પારો 45 ડિગ્રીએ પહોંચતા રાજ્યનાં ગરમ મથકોમાં અગ્ર સ્થાન જાળવી રાખ્યું હતું.

---